# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-07-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- સહકારીતા દિવસની ઉજવણી પ્રસંગે ખેડૂતોને નેનો ખાતર ખરીદવા માટે 50% સહાય આપતી યોજનાનો આરંભ કરાવતા કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહ..
- અંતરિયાળ વિસ્તારોમાં વસતા નાગરિકોને પુરતી સુવિધા પહોંચાડવા માટે સરકારે “લોકો માટે, લોકો સાથે, લોકો વચ્ચેનો નવતર અભિગમ અપનાવ્યો
- સુરતના પાલીગામ વિસ્તારમાં પાંચ માળની ઇમારત ધરાશયી...કાટમાળ નીચે દટાયેલા પાંચથી છ લોકોને બચાવવાની કામગીરી..
- સલામતીની ચુસ્ત વ્યવસ્થા વચ્ચે અમદાવાદમાં ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા નિકળશે
- શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયાં..

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'સહકારથી સમૃદ્ધિ' કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવાની નેમ સાથે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં શ્રી શાહના હસ્તે ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને નેનો ખાતર ખરીદવા માટે 50% સહાય આપતી AGR-2 યોજનાનો આરંભ કરવામાં આવ્યો .

આ અવસરે NCOL દ્વારા નિર્મિત 'ભારત ઓર્ગેનિક આટા'નું લોન્ચિંગ અને દિલ્હી ખાતે અમૂલ ડેરીની સૌપ્રથમ ઓર્ગેનિક શોપનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ખેડૂતોને નેનો ખાતરનો ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન અપાયું હતું અને નેનો કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

બાઇટ અમિત શાહ

બાદમાં શ્રી શાહ બનાસકાંઠા પહોંચીને જિલ્લાના સહકારી આગેવાનો સાથે બેઠક કરી હતી.. તેમજ થરાદ તાલુકાના ચાંગડા ખાતે સહકારી સેવાઓનું નિરીક્ષણ કર્યું હતુ.શ્રી શાહે દૂધ ઉત્પાદક મહિલા સભ્યોને ઝીરો ટકા વ્યાજ સાથેના માઈક્રો ATM રૂપેકાર્ડ વિતરણ કર્યા હતા..આ કાર્યક્રમ બાદ તેઓએ પંચમહાલના ગોધરાની પંચામૃત ડેરીની મુલાકાત લીધી હતી અને આશાપુરા છારીયા દૂધ સહકારી સમિતિના સભ્યોની મુલાકાત લઇને તેમની સાથે ચર્ચા કરી હતી..

# C.M.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે છેવાડાના માનવી સુધી આરોગ્ય, શિક્ષણ, અન્ન વિતરણ અને બેન્કિંગ સેવાઓની કામગીરી જેવી વિવિધ પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવા 'લોકો માટે - લોકો સાથે - લોકો વચ્ચે સરકાર' જેવો નવતર અભિગમ હાથ ધર્યો છે, જેના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા ક્લેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ પાસેથી સંબંધિત ગામની મુલાકાતોના પ્રતિભાવો સ્થળ ઉપરથી મેળવ્યા.

ઉલ્લેખનીય છે કે, આ નવતર અભિગમ હેઠળ રાજ્યના 33 જિલ્લાઓના એક એક ગામની ઓચિંતી સ્થળ મુલાકાત માટે જિલ્લાના વહીવટી વડાઓને સેવા સુવિધામાં નવીનત્તા માટે માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવી હતી.

# SURAT BUILDING

સુરતના સચિનના પાલીગામમમાં પાંચ માળની ઇમારત એકાએક ધરાશાયી થઈ ગઇ હતી.. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે ધસી ગઇ હતી. આ ઇમારતમાં રહેતા કેટલાંક પરિવારોમાંથી પાંચથી છ વ્યક્તિઓ દબાયા હોવાની આશંકાના પગલે ફાયર વિભાગે બચાવની કામગીરી આરંભી છે..

એક મહિલાને બચાવીને તેને સારવાર માટે સુરતની હોસ્પિટલમાં મોકલી આપવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો પણ બનાવ સ્થળે ધસી ગયો છે.. અમારા સુરતના પ્રતિનિધિ લોપા દરબારના જણાવ્યા અનુસાર ફાયર અને પોલીસની ટીમ બચાવ કામગીરીમાં લાગી ગઇ છે..

# EVE. GUJARAT - RAHUL GANDHI

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે અમદાવાદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકરોને સંબોધિત કર્યા હતા અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમની પાર્ટી આગામી ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થશે.

ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવેલા શ્રી ગાંધીએ રાજકોટ ગેમ ઝોન અગ્નિ દુર્ઘટના સહિત ગુજરાતમાં વિવિધ દુર્ઘટનાઓનો ભોગ બનેલા લોકોના પરિજનોને પણ મળ્યા હતા.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે લોકસભામાં રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલી કથિત એક સંપ્રદાય પરની  ટિપ્પણીને લઈને અમદાવાદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટી કાર્યાલયની બહાર ભાજપ અનેકોંગ્રેસના કાર્યકરો વચ્ચે તાજેતરમાં થયેલા ઘર્ષણ બાદ શ્રીગાંધીએ અમદાવાદની મુલાકાત લીધી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ  અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

# RATHYATRA

રાજ્યભરમાં રથયાત્રાના પર્વની પૂર્વ સંધ્યાએ ભક્તિભાવ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ભક્તો ભગવાનને આવકારવા ઉત્સાહિત છે. અમદાવાદ, ભાવનગર, પાટણ અને ગાંધીનગરમાં યોજાનારી રથયાત્રાની તૈયારીઓને લઈ તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન જગન્નાથને મગ, ડ્રાયફ્રૂટ્સ અને ફળોના પ્રસાદ મંદિરમાં અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમદાવાદમાં યોજાનારી પરંપરાગત 147મી રથયાત્રાની શાંતિ સલામતી સાથે ઉજવણી થાય એ માટે ઉચ્ચસ્તરીય બેઠકમાં ઝીણવટપૂર્વક સમીક્ષા કરી હતી. અમદાવાદમાં 16 કિલોમીટર રૂટ પર યોજાનાર રથયાત્રામાં કાયદો અને સલામતી વ્યવસ્થા જાળવવા અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે માહિતી આપી હતી કે અમદાવાદમાં આવતીકાલે ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા શાંતિ પૂર્ણ રીતે યોજાય તે માટે આઇ.જી. કક્ષાના અધિકારીઓથી લઈને પોલીસ કર્મીઓ સહિત 18,000 થી વધુ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે.. સમગ્ર યાત્રામાર્ગમાં સુચારૂ ટ્રાફિક સંચાલન માટે ૧ હજાર ૯૩૧ જવાનો તૈનાત રહેશે., ૧૬ જેટલી ક્રેઇનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે ૪૭ સ્થળો પરથી ૯૬ જેટલા કેમેરા, ૨૦ ડ્રોન, ૧ હજાર ૭૩૩ બોડીવોર્ન કેમેરા દ્વારા રથયાત્રા પર ચાંપતી નજર રખાશે.

સમગ્ર રથયાત્રા રૂટ પર દુકાનદારો દ્વારા લગાવવામાં આવેલા લગભગ 1,400 સીસીટીવી કેમેરાની મદદથી પોલીસ કંટ્રોલરૂમ દ્વારા બાજ નજર રખાશે.. યાત્રામાં કોઈપણ મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળવા માટે અમદાવાદ મહાનગર પાલિકાની ત્રણ અને રાજ્ય સરકારની સિવિલ તથા સોલા સિવિલમાં મેડિકલ ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવશે.આ ઉપરાંત પાંચ અર્બનહેલ્થ સેન્ટરમાં પણ તાત્કાલિક સારવાર મળી રહેશે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ૧૧ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનની પાંચ એમ્બ્યુલન્સ પણ જરૂરિયાત મુજબ ઉપયોગી થશે. યાત્રા રૂટ પર ૧૭ જેટલા જન સહાયતા કેન્દ્રો પણ ઊભા કરવામાં આવશે.

# RATHYATRA

આવતીકાલે અષાઢી બીજના દિવસે અમદાવાદ સ્થિત જગન્નાથ મંદિરખાતે ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા યોજાશે... વહેલી સવારે સાડા ચાર કલાકે મંગળાઆરતી થશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મંગળા આરતીમાં ઉપસ્થિત રહેશે..જ્યારે સવારે રથને મંદિર પરિસરમાં લાવીને તેનું પૂજન કરાશે તેમજ પરંપરાગત રીતે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને બળભદ્રને મંગળા આરતી બાદ રથમાં બિરાજમાન કરાશે.

સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પંહિદ વિધી કરશે. ત્યારે બાદ સવારે સાત વાગે રથનું પ્રસ્થાન કરાવશે.. આ રથયાત્રામાં એક હજાર આઠસો પોલીસ જવાનો અને અધિકારીઓ સલામતીની ચુસ્ત વ્યવસ્થામાં ખડે પગે રહેશે.. આ રથયાત્રાની સાથે 30 અખાડા અને ભજન મંડળીઓ પણ જોડાશે...16 કિલોમિટર લાંબી આ રથયાત્રા તેના પરંપરાગત રૂટ પરથી પસાર થઇને સરસપુર સ્થિત રણછોડરાયજી મંદિરે બપોરે પહોંચશે. રણછોડરાય મંદિરે પૂજા અર્ચના અને આરતી અને સ્વાગત બાદ થોડા વિરામ બાદ રથયાત્રા નીજ મંદિરે મોડી રાત્રે પરત ફરશે..

Regional Evening News 06-07-2024 at 7.10-7.20pm-9

# RATHYATRA - PTC

ભાવનગર શહેરમાં આવતીકાલે યોજાનારી ૩૯મી રથયાત્રા વિષેવધુ માહિતી આપી રહ્યા છે ,અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી

(બાઇટ)

......................................

# RAGHAVJI SHYAMA PRASAD MUKHARJI

શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૩મી જન્મજયંતી નિમિતે વિધાનસભા પોડિયમમાં સદ્દગતના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી..

આ પ્રસંગે  કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતુ કે, શ્યામા પ્રસાદ મુખરજી "એક વિધાન-એક નિશાન-એક પ્રધાન" સિદ્ધાંતના શિલ્પકાર હતા.

દીવમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય ખાતે ભાજપના અગ્રણીઓ દ્વારા શ્યામા પ્રસાદ મુખરજીની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી, તો હિંમતનગર નગરપાલિકા દ્વારા ખાસ વૃક્ષારોપણ કરીને શ્યામાપ્રસાદ મુખરજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

# NEWS IN BRIF

## અને હવે સાંભળીએ કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં..

- સાબરકાંઠા જિલ્લાના વસાઈ ખાતે ખેડૂત મિત્રો માટે પ્રાકૃતિક કૃષિ અંગે તાલિમ યોજાઈ. જેમાં તેમને દેશી ગાયથી થતી ખેતીના ફાયદાઓ અંગે માહિતી આપવામાં આવી.
- દાહોદ જિલ્લાના પેથાપુર ગામે જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને રાત્રિ સભા યોજાઈ, જેમાં ગામમાં થયેલા વિકાસકાર્યો અને પ્રશ્નોની માહિતી લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી.
- કચ્છ જિલ્લા ખાતે મિશન શક્તિ યોજના હેઠળ 100 દિવસીય સ્પેશ્યલ અવેરનેસ કમ એનરોલમેન્ટ ડ્રાઇવ અંતર્ગત ભારતીય ન્યાય સંહિતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી. આ સાથે ભુજની વિવિધ શાળાઓ અને જાહેર સ્થળો ઉપર જાગૃતિ કાર્યક્રમો યોજાયા.
- સાબરકાંઠા જિલ્લાના લાભાર્થીઓ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની સેવાઓની જાણકારી સરળતાથી મેળવી શકે તે માટે આરોગ્ય મંદિર મોબાઇલ એપ્લિકેશન લોન્ચ કરાઈ
- કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં જીએસટી વિભાગ દ્વારા પાંચ અને 10 કિલોમીટરની મેરેથોનનું આયોજન કરાયું – રામસેતુ બીચ ઉપર આયોજિત આ મેરેથોનમાં વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનિત કરાયા
- જામનગર તાલુકાના ખંભા લીડા આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામજનોને કોલેરા અને એનિમિયા રોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું
- ભાવનગર જિલ્લાના રંઘોવામાં ભવનાથ મહાદેવના સાંનિધ્યમાં 1100 બિલ્વ ફળ સાથેનો હોમાત્મક યજ્ઞનું આયોજન વિશ્વશાંતિ અને વરૂણદેવને પ્રસન્ન કરવા કરાયું હતું.